// જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત
એ૩-, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત
Phone No: (0261) 2662902, Email:suratdeo@gmail.com, Web –suratdeo.org

જા.ક્ર.- મા-૧/૨૦૨૫/ ૧૧૬૭-૧૧૭૦ તા.૩૦/૦૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ.સુરત

**વિષય:** ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની મુખ્ય પરીક્ષા ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫માં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓને પરીક્ષા સંબંધિત માર્ગદર્શન આપવા બાબત.

**સંદર્ભ:** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા યોજાયેલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની રીવ્યુ બેઠકમાં મળેલ સૂચના અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી ફેબ્રુઆરી/માર્ચ-૨૦૨૫માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાઓ તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ દરમિયાન અત્રેના જિલ્લામાં યોજાનાર છે.

સદર પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓ ભયમુક્ત પરીક્ષા આપી શકે તે હેતુથી પરીક્ષા અંગેના મોટીવેશનલ પ્રોગ્રામ અથવા પરીક્ષા અંગેના માર્ગદર્શક સેમીનારનું શાળા કક્ષાએ આયોજન કરવાનું રહેશે. તેમજ ધોરણ-૧૦ અને ૧૨ના દરેક વિદ્યાર્થીઓને પરીક્ષામાં ગેરરીતિ આચરવા બાબતે કરવામાં આવતી શિક્ષાથી વાકેફ કરવા જેથી પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા થતી ગેરરીતિ અટકાવી વિદ્યાર્થીઓના ભવિષ્યને સુરક્ષિત કરી શકાય. આ અંગેનો ફોટોગ્રાફ્સ અને અહેવાલ શાળા કક્ષાએ રાખવાના રહેશે. વિદ્યાર્થીઓ હળવાશ પૂર્વક પરીક્ષા આપી શકે તે માટે શાળાઓએ યોગ્ય માર્ગદર્શન આપવા બાબતે વડી કચેરીની ચૂસ્ત સૂચના હોય જે બાબતની ગંભીર નોંધ લેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

**બિડાણ:** શિક્ષા કૌષ્ટક

**સવિનય નકલ રવાના:**

સંયુક્ત નિયામકશ્રી(પરીક્ષા), ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

પરિશિષ્ટ - F

Z-04C

પરિશિષ્ટ-અ

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## (SSC / HSC પરીક્ષામાં ગેરરીતિ આચરતા પરીક્ષાર્થીઓનું શિક્ષા કોષ્ટક)

### માર્ચ-2019ની પરીક્ષાથી અમલમાં

| અનુ. નં. | ગુનાનો પ્રકાર | અનુ. નં. | પરીક્ષાર્થી સામે લેવાના પગલાં |
|---|---|---|---|
| 1. | સંવાહક/સંચાલક, નિરીક્ષક કે બોર્ડ તરફથી થયેલ **કોઈપણ** સૂચનાનો અમલ પરીક્ષાર્થી ન કરે તો | 1. | તાકીદ આપ્યા બાદ તે વિષયની પરીક્ષામાં સૂચના આપવા સુધી પરીક્ષાર્થીએ જવાબવહીમાં જે લખ્યું હોય તે ઉત્તરવહીમાં બે લાઈન દોરી સૂચનાનો અમલ કર્યો નથી એમ શેરો અને સહી કરી પરીક્ષાર્થીને ઉત્તરવહી લખવા આપવી (સ્થળ સંચાલક/ખંડનિરીક્ષકે બોર્ડને તેની લેખિતમાં જાણ કરવી). તે વિષયનું પરિણામ રદ કરવું. |
| 2. | તાકીદ આપ્યા છતાં પરીક્ષા ખંડમાં પરીક્ષાર્થી બીજા પરીક્ષાર્થીઓને મૌખિક કે કોઈ સંકેત દ્વારા સંદેશો પાઠવતો હોય તો તેની સામે ગેરરીતિ કેસ કરવો. | 2. | પરીક્ષાર્થીનું જે તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 3. | મદદ કરવાની વિનંતી સાથે જવાબવહીમાં ચલણી નોટ અથવા ચલણી નોટો જોડી હોય તો | 3. | પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરી અને ત્યાર પછીની એક પરીક્ષામાં બેસવા દેવા નહીં. |
| 4. | જવાબવહી/પુરવણીમાં પરીક્ષાર્થી પોતાને પાસ કરવા પરીક્ષકને વિનંતી કરતું/લાલચ આપતું લખાણ કરે અને પોતાનું સરનામું જવાબવહીમાં આપે તો | 4. | તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 5. | પરીક્ષાર્થી અથવા તેમના પ્રતિનિધિ કે વાલી જવાબવહીમાં ગુણ વધારી આપવા પરીક્ષકનો સંપર્ક સાધે અગર તો પરીક્ષકને લાંચ આપવાનો પ્રયત્ન કરે/લાંચ આપે તો | 5. | સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 6. | પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસે જે તે સંબંધિત વિષયને લગતી હસ્તલિખિત કાપલી, નોટ્સ, માર્ગદર્શિકા, ટેક્ષબુક, નકશો વગેરે હોય તો | 6. | પરીક્ષાર્થીને પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી લખવા દેવું. (અ) સાહિત્યમાંથી ન લખેલ હોય તો આ પરીક્ષાના તમામ વિષયોનું પરિણામ રદ કરવું.<br>(બ) જો સાહિત્યમાંથી લખેલ હોય તો સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરી અને ત્યાર પછીની એક પરીક્ષામાં બેસવા દેવા નહીં. |
| 7. | પરીક્ષા ખંડમાં પરીક્ષા દરમિયાન વિષયને લગતું સાહિત્ય, નોંધ, લખાણ વગેરે પરીક્ષાર્થીની બેંચ પાસેથી/નીચેથી અગર તો આજુબાજુથી મળી આવે તો (જો આ બાબતો સુપરવાઇઝરને કોઈ જાણ ન કરેલ હોય તો) | 7. | (અ) સાહિત્યમાંથી જો ન લખેલ હોય તો તે વિષયનું પરિણામ જાહેર કરવું. (બ) જો સાહિત્યમાંથી લખેલ હોય તો સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરી અને ત્યાર પછીની એક પરીક્ષામાં બેસવા દેવા નહીં. |
| 8. | પરીક્ષાર્થીના ઉત્તરવહીમાંથી લગતું સાહિત્ય પરીક્ષકને મળી આવ્યું હોય એવો અહેવાલ રજુ કરવામાં આવે તો | 8. | (અ) વિષયોને લગતું સાહિત્ય મળી આવે પણ તેમાંથી લખાણ ન લખેલ હોય તો તે વિષયનું પરિણામ રદ કરવું.<br>(બ) વિષયોને લગતું સાહિત્ય મળી આવે અને તેમાંથી લખેલ છે તેવો અહેવાલ પરીક્ષક આપે તો સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 9. | પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડમાંથી પ્રશ્નપત્ર અથવા જવાબવહી બહાર ફેંકી દીધી હોય તો | 9. | પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 10. | પરીક્ષાર્થી કે તેના પ્રતિનિધિ મુખ્ય ઉત્તરવહી/પુરવણી ફાડી નાખે અગર તો માન્ય લખાણ સાથે ચેડાં કરે/કરાવે તો | 10. | સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 11. | પરીક્ષાર્થી પરીક્ષા ખંડમાંથી કોઈ પણ કારણસર બહાર જવાની પરવાનગી લઈને અનઅધિકૃત વ્યક્તિને મળે તો | 11. | પરીક્ષાર્થીનું તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 12. | પરીક્ષાર્થી પરીક્ષા ખંડમાંથી જવાબવહી અથવા તો પૂરક જવાબવહી બહાર લઈ જાય તો | 12. | પરીક્ષાર્થીનું તે પરીક્ષાનું પરિણામ રદ કરી ત્યાર પછીની એક પરીક્ષામાં બેસવા દેવા નહીં. |
| 13. | પરીક્ષાર્થીએ અગર તો તેના પ્રતિનિધિ પરીક્ષા ખંડમાં પરીક્ષા દરમિયાન લખેલી મુખ્ય ઉત્તરવહી પુરવણીઓને બદલે બહારથી લખેલી મુખ્ય ઉત્તરવહી પુરવણીમાં પરીક્ષા પૂરી થયા બાદ ખંડ નિરીક્ષક, બિલ્ડિંગ કંડક્ટર અગર મુખ્ય નિયામક દ્વારા અગર તો અન્ય કોઈ રીતે બદલવા અને બદલાવવાનો પ્રયત્ન કરે અગર તો બદલાવે તો | 13. | જે તે પરીક્ષાનું પરિણામ રદ કરી ત્યાર પછીની બે પરીક્ષામાં બેસવા દેવા નહીં. |
| 14. | મુખ્ય જવાબવહી/પુરવણી ચાલુ પરીક્ષા દરમિયાન અગર તો પરીક્ષા પૂરી થયે ખંડ નિરીક્ષકને નહીં સોંપતા લઈને જતા રહે તો | 14. | જે તે પરીક્ષાનું પરિણામ રદ કરી ત્યાર પછીની એક પરીક્ષામાં બેસવા દેવા નહીં. સ્થળ સંચાલકે પોલીસ કેસ નોંધાવવો. |
| 15. | પરીક્ષા ખંડમાં પરીક્ષાર્થી બીજા પરીક્ષાર્થીને ચબરખી, મુખ્ય પુરવણી/જવાહવહી પસાર કરી હોય, તે હાથમાં જવાબવહી એવી રીતે પકડીને ઊંચી રાખે કે જેથી બાજુનો કે પાછળનો વિદ્યાર્થી તે વાંચી શકે અથવા ઉપરના સાહિત્યને એકબીજાએ અદલાબદલી કરી હોય તો | 15. | બંને પરીક્ષાર્થીઓનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 16. | પરીક્ષા ખંડમાં કોઈ પરીક્ષાર્થી બીજા પરીક્ષાર્થી પાસેથી જવાબવહી કે પુરવણી ઝુંટવી લીધી હોય તો | 16. | ઝુંટનારનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 17. | પરીક્ષક, સમીક્ષક, નાયબ મુખ્ય સમીક્ષકના રિપોર્ટ પરથી પરીક્ષાર્થી એકબીજામાંથી યા અન્ય રીતે ચોરી કરેલ છે એમ બોર્ડને ખાતરી થાય તો | 17. | બંને પરીક્ષાર્થીઓનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 18. | પરીક્ષા ખંડમાં નકલ કે ઉતારો કરતાં પકડાય તો | 18. | પરીક્ષાર્થીનું જે તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 19. | જવાબવહીના અથવા પૂરક જવાબવહીના જવાબો પરીક્ષાર્થી બહારથી લખીને પરીક્ષા ખંડમાં લાવ્યા હોય તો | 19. | પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરી અને ત્યાર પછીની એક પરીક્ષામાં બેસવા દેવા નહીં. |
| 20. | મૂળ પરીક્ષાર્થીને બદલે તેની સંમતિથી અથવા સંમતિ વગર અન્ય વ્યક્તિ પરીક્ષામાં બેઠી હોય તેમ સાબિત થાય તો | 20. | પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરી અને ત્યાર પછીની બે પરીક્ષામાં બેસવા દેવા નહીં. પોલીસ કેસ નોંધાવવો. |
| 21. | પરીક્ષા સ્થળે ગેરશિસ્તભર્યું વર્તન કરવા માટે | 21. | પરીક્ષાર્થીનું તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 22. | પરીક્ષા સ્થળે મારામારી કે હિંસક કૃત્ય કરવા માટે અથવા ઘાતક હથિયાર લાવવા માટે અથવા ઈજા પહોંચાડી શકે તેવું સાધન લાવવા માટે | 22. | પરીક્ષાર્થીનું તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરી પરીક્ષાર્થીને કાયમ માટે પરીક્ષામાં બેસવા દેવા નહીં. |
| 23. | જવાબવહી, પુરવણીમાં પરીક્ષાર્થી પોતાની ઓળખ માટે કોઈ પણ પ્રકારની નિશાની કરે તો અગર અન્ય રંગની સહીથી લખે તો | 23. | પરીક્ષાર્થીઓએ આવી કોઈ નિશાની કર્યાનું સાબિત થાય તો જે તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 24. | પરીક્ષાર્થી મુખ્ય જવાબવહી/પુરવણીમાં ગેરરીતિભર્યું લખાણ લખે/અપશબ્દો લખે તો | 24. | જે તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 25. | વર્ગમાં સામૂહિક ચોરીના કિસ્સાઓ ધ્યાનમાં આવે તો | 25. | તે પરીક્ષાનું પરિણામ રદ કરી ત્યાર પછીની એક પરીક્ષામાં બેસવા દેવા નહી. |
| 26. | જવાબવહી પર લગાડેલ સ્ટીકર અંગે વિગતો મેળવવાનો પ્રયત્ન કરે, સ્ટીકરની વિગતો આપે અથવા લગાડેલ સ્ટીકર ઉખેડવાનો પ્રયત્ન કરે તો | 26. | સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. |
| 27. | કોઈ પણ પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ દ્વારા સામૂહિક ગેરરીતિની ગંભીર અનિયમિતતાઓ ધ્યાને આવશે તો | 27. | અધ્યક્ષ અથવા તેમના દ્વારા નિયુક્ત બોર્ડના સભ્યોની સમિતિ જે તે વિષયની પરીક્ષા રદ કરશે અને જરૂર જણાયે આગામી તમામ દિવસોની પરીક્ષા રદ કરતાં સુધીની શિક્ષા કરશે. ઉપરાંત ત્યારબાદ આવા કેસોને પરીક્ષા સમિતિ સમક્ષ વ્યક્તિગત-સામૂહિક સુનાવણી કરીને કસૂરવાર પરીક્ષાર્થી, કસૂરવાર સુપરવાઈઝર, કસૂરવાર બિલ્ડિંગ નિયામકને બોલાવીને યોગ્ય નિર્ણય કરશે. |
| 28. | CCTV ફુટેજમાં પરીક્ષાર્થી બીજા પરીક્ષાર્થીને મૌખિક કે સંકેત દ્વારા ગેરરીતિ સૂચક સંદેશો આપતો હોય તો | 28. | જે તે વિષયની પરીક્ષાનું પરિણામ રદ કરવું (ત્યાર પછીની પરીક્ષામાં બેસી શકે). |
| 29. | CCTV ફુટેજમાં પરીક્ષાર્થી દ્વારા બિનઅધિકૃત સાહિત્ય લાવેલું દેખાય તો | 29. | જે તે વિષયનું પરિણામ રદ કરવું. |
| 30. | CCTVફુટેજમાં બિન અધિકૃત સાહિત્યની આપ-લે કરતા જણાય તો / તેમાંથી જવાબવહીમાં ઉતારો કરતા જણાય તો | 30. | બંને પરીક્ષાર્થીઓનું જે તે વિષયનું પરિણામ રદ કરવું. |
| 31. | ઉમેદવાર વર્ગખંડમાં મોબાઈલ અથવા પ્રતિબંધિત વિજાણું ઉપકરણો જેવા કે કેમેરાવાળી ઘડિયાળ/સ્માર્ટ ઘડિયાળ, કેમેરાવાળું કેલ્ક્યુલેટર/ સાયન્ટીફીક કેલ્ક્યુલેટર વગેરે લાવેલ હોવાનું ખંડનિરીક્ષક/વિજીલન્સ સ્કવોર્ડ/સ્થળસંચાલકને ધ્યાને આવે અથવા CCTV ફૂટેજમાં દ્રશ્યમાન થાય તો | 31. | જે તે વર્ષની પરીક્ષાનું સમગ્ર પરિણામ રદ કરવું. ત્યારબાદની બે પરીક્ષામાં બેસવા દેવા નહિ. સ્થળ સંચાલકશ્રીએ પરીક્ષાર્થી સામે પોલીસ કેસ નોંધાવવો તેમજ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવો. |
| 32. | પરીક્ષાર્થીને વોટ્સએપ, ઈ-મેઈલ, સોશિયલ મીડીયા દ્વારા પ્રશ્નપત્ર મળ્યાનો સંદેશ પ્રશ્નપત્ર શરૂ થયા અગાઉ મળે કે પરીક્ષા દરમિયાન પરીક્ષાર્થી દ્વારા પ્રશ્નપત્ર કે પ્રશ્નપત્રને લગતી વિગતો, જવાબો ઈલેક્ટ્રોનિક ગેઝેટ કે અન્ય રીતે બહાર મોકલવામાં આવે કે મેળવવામાં આવે તો | 32. | પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું ત્યારબાદની ત્રણ પરીક્ષામાં બેસવા દેવા નહિ, સ્થળ સંચાલકશ્રીએ પરીક્ષાર્થી સામે પોલીસ કેસ નોંધાવવો તેમજ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવો. |
| 33. | પરીક્ષાર્થીને બહારથી કોઈ પણ વ્યક્તિ દ્વારા લખાવવામાં આવે અથવા આવ્યું હોય તે સાબિત થાય તો | 33. | પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ કરવું. ત્યાર બાદની બે પરીક્ષામાં બેસવા દેવા નહીં. સંબંધિત સુપરવાઈઝર તથા સ્થળ સંચાલક દોષિત જણાય તો તેમની સામે નિયમાનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવી. |

**નોંધ :** (1) ગેરરીતિ પ્રસંગ બને ત્યારે પરીક્ષાર્થીની ઉત્તરવહીમાં જરૂરી નોંધ કરી, ઉત્તરવહી સાથે સાહિત્ય તથા પરીક્ષાર્થીના નિવેદન સાથેનું તમામ સાહિત્ય વિષયની પરીક્ષા પૂરી થયે બોર્ડમાં પરીક્ષા સચિવ/જોઇન્ટ સેક્રેટરીના નામજોગ મોકલવું. (2) ઉપર્યુક્ત બાબતો સિવાય મુખ્ય સંવાહક/પરીક્ષકના અહેવાલ પરથી બીજા કોઈ ગુનાનો પ્રકાર જણાય તો એવી ગેરરીતિ ઉપર પરીક્ષા સમિતિ પોતાનો અભિપ્રાય આપી બોર્ડમાં મૂકશે અને બોર્ડને યોગ્ય લાગશે તો શિક્ષા કરશે. (3) પરીક્ષાર્થીની હોલ ટિકિટ જો તેને બદલે બેસનાર વ્યક્તિ પાસેથી મળે તો તે પરીક્ષાર્થીની સંમતિથી બેઠા છે તેમ માની લેવાશે અને બેસનાર વ્યક્તિનું એસ.એસ.સી./એચ.એસ.સી.પરીક્ષાનું ગુણપત્રક તથા પ્રમાણપત્ર રદ થશે. (4) ગુણદોષને આધારે ઉપર દર્શાવેલ શિક્ષામાં વધારો /ઘટાડો કરવાની સત્તા પરીક્ષા સમિતિની રહેશે. (5) ગેરરીતિયુક્ત બધી જ ઉત્તરવહીઓ પરીક્ષાર્થીઓના નિવેદન સાથે બોર્ડને મોકલવાની રહેશે. (6) પૂરક પરીક્ષા મુખ્ય પરીક્ષાનો ભાગ ગણાશે. (7) આ બધી સજા ઉપરાંત પરીક્ષાર્થીની મનોસ્થિતિ ધ્યાને લઈ તેનામાં ચારિત્ર્યનાં ઘડતર, સદ્‌ગુણ અને સેવાભાવના કેળવાય તેવી કામગીરી કરાવવા જણાવશે, જેને શાળાના આચાર્ય દ્વારા પ્રમાણિત કરવાની રહેશે.